# શ્રી એમ.એ.ટેલર, ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત, રાજકોટ સમક્ષ

## રેફરન્સ (આઈ.ટી.)નંબર ૧૦૯/૨૦૨૨

**દાખલ તારીખ : ૦૧/૦૮/૨૦૨૨**
**રજીસ્ટર તારીખ : ૦૧/૦૮/૨૦૨૨**
**ફેંસલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૫**
**અવધી : ૨ વર્ષ ૭ માસ ૧૭ દિવસ**

**(૧) ચીફ ઓફીસરશ્રી,**
**ધ્રાંગધ્રા નગરપાલિકા,**
**ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર.**
**(૨) પ્રાદેશિક કમિશનરશ્રી,**
**પ્રાદેશિક કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ.** **પ્રથમ પક્ષકાર....**

**વિરૂધ્ધ**

**પ્રમુખશ્રી,**
**સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ,**
**મજુર મઢી, ભકિતનગર સર્કલ,**
**રાજકોટ.**

**કામદારનુ નામ :–**
**શ્રી રફીક યારમહમદભાઈ મકરાણી** **બીજા પક્ષકાર....**

**પ્રતિનિધિત્વ :**
**પ્રથમ પક્ષકાર નં.૧,૨ તરફે :– વિધ્વાન વકીલશ્રી બી.જે.દ્રિવેદી.**
**બીજા પક્ષકાર તરફે :– વિધ્વાન પ્રતિનિધીશ્રી વી.કે.ટીંબડીયા.**

**બાબત :– ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) અન્વયે**

## –: ચૂકાદો :–

**(૧)** ઉપરોકત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ વિવાદ ન્યાય નિર્ણય માટે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) અન્વયે શ્રમ આયુકતશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફથી તેમના તા. ૨૭/૦૭/૨૦૨૨ ના હુકમ ક્રમાંક : કે.એચ.એ.એચ.એમ.સી./૪૧૫૦૪/ /૫/૨/આઈડીઆર/એજે/૧૮/૨૦૨૨ થી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સુપરત કરવામાં આવેલ હતો જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**–: અનુસૂચિ :–**

(૧) રફીક યારમહમદભાઈ મકરાણીને નગરપાલીકાના સેટ–અપના ખાલી જગ્યા પર સમાવેશ કરીને સેટ–અપના અન્ય કર્મચારીઓને મળતા પગારધોરણ, મોંઘવારી ભથ્થા, પ્રોવીડન્ટ ફંડ, રજાઓ, એલ.ટી.સી. તથા સરકાર દ્વારા બહાર પડાતા પગાર પંચ સહિતના મળવાપાત્ર તમામ લાભો તેમની મુળ દાખલ તારીખથી પાછલા તફાવત સાથે ચુકવી આપવા કે કેમ ?

(૨) રફીક યારમહમદભાઈ મકરાણીને મુળ દાખલ તારીખથી નગરપાલીકાના સેટ–અપના તથા અન્ય કાયમી કામદાર ગણી તે મુજબના પગાર ધોરણ, મોંઘવારી ભથ્થા, ઘરભાડા, રજાઓ તથા સરકાર દ્વારા બહાર પડાતા પગાર પંચ સહિતના મળવાપાત્ર તમામે તમામ લાભો કે જે સેટ–અપના તેમજ અન્ય કાયમી કર્મચારીને મળે છે તે તમામે તમામ લાભો તેમની મુળ દાખલ તારીખથી પાછલા તફાવત સાથે ચુકવી આપવા કે કેમ ?

(૩) રફીક યારમહમદભાઈ મકરાણી જે હોદા ઉપર કામગીરી કરી રહેલ છે તે હોદા ઉપર સેટ–અપના કામદાર તરીકે નિમણુક આપીને તે હોદાનુ પગાર ધોરણ, મોંઘવારી ભથ્થા, ઘરભાડા, રજાઓ તથા સરકાર દ્વારા બહાર પડાતા પગાર પંચ સહિતના મળવાપાત્ર તમામે તમામ લાભો તેમની મુળ દાખલ તારીખથી પાછલા તફાવત સાથે ચુકવી આપવા કે કેમ ?

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૧૮/૦૩/૨૦૨૫**

**(મોબીન અબ્દુલરસીદ ટેલર)**
**(કોડ: જીજે ૦૦૬૪૫)**
**ઔદ્યોગિક ન્યાયપંચ**
**રાજકોટ**

નોંધ :– હાલના કામે આજરોજ આખરી હુકમ કરેલ છે અને અત્રેની ઔધોગિક ન્યાયપંચ સદરહુ નિવેડાની નકલો પ્રકાશન એં હકુમત ધરાવતા મદદનીશ શ્રમ આયુકતશ્રીને મોકલી આપેલ છે અને સદરહુ નિવેડાના પ્રકાશન અંગે ઔધોગિક વિવાદ અધિનિયમન, સન ૧૯૪૭ નો ક્રમાંક ૧૪ મો ની કલમ–૧૭ મુજબ જરૂરી પગલાં લેવા જાણ કરેલ છે અને સદરહુ નિવેડો પ્રસિધ્ધ થયેની તેની જાણ અત્રેની કચેરીને થયા બાદ હાલના કામના સંપૂર્ણ હુકમની નકલ અપલોડ કરવામાં આવશે.